GJVL070000992006

Presented on : 03-06-2006
Registered on : 03-06-2006
Decided on : 18-10-2022
Duration : 16 years, 4 months, 15 days

**મે.વલસાડ ખાતેનાં મજુર અદાલત નં.૨ નાં પ્રિસાઈડીંગ ઓફિસરશ્રી સાહેબ સમક્ષ, મુ.વલસાડ.**

**રેફરન્સ (એલ.સી.વી) નં.૮૮/૨૦૦૬**
**આંક:–૨૫**

**પ્રથમ પક્ષકાર:–** **મે. ડેલ્ટા સિસ્ટમ્સ,**
પ્લોટ નંબર : ૨૨૭, જી.આઈ.ડી.સી. એસ્ટેટ,
ઉમરગામ, તા. ઉમરગામ,
જી.વલસાડ.

**–: વિરૂધ્ધ :–**

**બીજા પક્ષકાર:–** **શ્રી સીતાબેન માહયાભાઈ રડીયા,**
મુ.પો.ડીલારપાડા, ઝરી,
તા.ઉમરગામ, જી.વલસાડ.

પ્રતિનિધિઓ:–
પ્રથમ પક્ષકાર તરફે:– વિ.વકીલશ્રી એ.પી.શાહ.
બીજા પક્ષકાર તરફે:– યુનિયન પ્રતિનિધિશ્રી આર.એમ.પ્રજાપતિ,

**–: એવોર્ડ :–**

(૧) આ કામમાં બંને પક્ષકારો વચ્ચેના ઔદ્યોગિક વિવાદ આઈ.ડી.એકટની કલમ–૧૦ (૧) સી હેઠળ મદદનીશ શ્રમ આયુકતશ્રી, વલસાડ તરફથી હુકમ ક્રમાંક: કે.એચ.એસ.એચ.એમ.સી./૨૪૪૮/એ.જે./આઈ.ડી.આર./એફ–૮૭/૨૦૦૫, તા.૦૩/૦૬/૨૦૦૬ નાં રોજ મજુર અદાલત, વલસાડને ન્યાય નિર્ણય અર્થે અત્રેની અદાલતને સુપરત કરેલ છે. રેફરન્સની અનુસુચિ નીચે મુજબ છે.

(૨) આ રેફરન્સની અનુસુચિ પ્રમાણે ન્યાય નિર્ણય કરવાનો છે.

**-: અનુસુચિ:-**

**સીતાબેન માહયાભાઈ રડીયાને તેમની અસલ જગ્યાએ પડેલા દિવસોનાં પગાર સહીત નોકરીમાં સાતત્ય સાથે પુન:સ્થાપિત કરવા કે કેમ?**

(૩) આ કામના બીજા પક્ષકાર કામદાર તેમના **આંક-૩** ના માંગણા નિવેદનમાં જણાવે છે કે, બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં **તા.૧૯/૧૨/૯૯ થી હેલ્પર** ના હોદ્દા ઉપર દૈનિક પગાર તા.૨૯/૦૭/૦૫ ના રોજ **રૂા.૯૦/-** પગારથી નોકરી કરતા આવેલ હતા. પ્રથમ પક્ષકાર સંસ્થા ઉમરગામ, જી. વલસાડ ખાતે આવેલ એક સારી અને સધ્ધર સંસ્થા છે. સદરહુ સંસ્થામાં આશરે ૫૦ જેટલા કાયમી કામદારો વર્ષોથી ફરજ બજાવતા આવેલ છે. સદર સંસ્થાના સંચાલકોએ બીજા પક્ષકાર કામદારને નફાના પ્રમાણમાં નજીવો પગાર ચુકવતા હતા, જે પગાર લઘુત્તમ વેતનના કાયદા મુજબ પણ ન હતો. બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર સંસ્થા લઘુત્તમ વેતન મુજબ પગાર આપતા ન હતા. તેમજ કાયદા મુજર અન્ય લાભો પણ ચુકવતા ન હતા. જેનો બીજા પક્ષકાર કામદારે તથા સાથી કામદારો પ્રથમ પક્ષકાર સંસ્થા પાસે મૌખીક રીતે વારંવાર માંગણી કરતા હતા. તેમ છતાં પ્રથમ પક્ષકારનાઓએ બીજા પક્ષકાર કામદાર તથા સાથી કામદારોને તેમના કાનુની હકકો આપતા ન હતા. જેથી બીજા પક્ષકાર કામદાર તથા સાથી કામદારોએ મજુર સંગઠન ઉભું કરી ''ગુજરાત રાજય કામદાર સેના'' માં જોડાઈ તેના સભાસદો થયેલ, જે અંગેની જાણ બીજા પક્ષકાર કામદારના યુનીયને પ્રથમ પક્ષકારને લેખિતમાં કરેલ જે પત્ર પ્રથમ પક્ષકારને મળતાં જ તેઓ એકાએક બીજા પક્ષકાર કામદાર તથા સાથી કામદારોને હેરાન પરેશાન કરવાની અને કિન્નાખોરી રાખવાની પ્રવૃત્તિ ચાલુ કરેલ જેમાં તેઓને તેમના મજુર સંગઠન તોડવામાં સફળતા ન મળતાં તેઓ બીજા પક્ષકારને તથા સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને યુનીયનમાંથી રાજીનામું આપવા દબાણ કરતા હતા. જે બાબતે કામદારોએ રાજીનામુ આપવાની ના પાડેલ. આથી પ્રથમ પક્ષકાર બીજા પક્ષકાર સામે રોષે ભરાયેલ અને તેઓની સાથે બીજા અન્ય કામદારોને ગેરકાયદેસર રીતે ટ્રાન્સફરની નોટીશ આપેલી. જે પ્રથમ પક્ષકારનું કૃત્ય અન્યાયી, મજુર કાયદા વિરુધ્ધ, ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને કુદરતી ન્યાયનાં સિધ્ધાંત વિરુધ્ધનું છે.

વિશેષમાં બીજા પક્ષકાર તેમના માંગણા નિવેદનમાં જણાવે છે કે, પ્રથમ પક્ષકાર તરફથી તા. ૧૩-૦૭-૨૦૦૫ ની એક નોટીશ ધ્વારા કેટલાક ઉપજાવી કાઢેલા કારણો જણાવીને તેમની ઉમરગામ ફેકટરી કે જે ગુજરાત રાજયમાં આવેલી છે. તેમાંથી ખરસુડીની ફેકટરી કે જે મહારાષ્ટ્ર રાજયમાં આવેલી છે તે ફેકટરીમાં ટ્રાન્સફર કરવાનો હુકમ કર્યો છે. અને તે માટે સગવડતા ખાતર ૧૫ દિવસનો સમય આપી જુલાઈની ૨૯ મી તારીખ સુધીમાં સદરહુ ખરસુડીની ફેકટરીમાં હાજર થવાનું જણાવ્યું છે અને સાથો સાથ સદરહ નોટીશમાં એમ

પણ જણાવ્યું છે કે જો બીજા પક્ષકાર તા.૨૯–૦૭–૨૦૦૫ સુધીમાં ઉપરોકત ખરસુડીની ફેકટરીમાં હાજર નહી થાઓ તો એમ સમજવામાં આવશે કે બીજા પક્ષકારને કંપનીમાં આગળ કામ કરવામાં રસ નથી અને બીજા પક્ષકાર કંપનીમાંથી રાજીનામુ આપી રહયા છે. તેમજ તેમ ગણીને કાયદાને અનુરુપ જે હિસાબ નિકળશે તે તેમને ચુકવી દેવામાં આવશે. (ઓલ ધી લીગલ કયુઝ વીલ બી સેટલ્ડ) પ્રથમ પક્ષકારે એમ પણ જણાવ્યું છે કે મેનેજમેન્ટને બીજા પક્ષકારના કામથી સંતોષ છે અને તેમણે જે નિર્ણય લીધો છે એ આર્થિક કારણોને લીધે લીધેલા છે અને એમ પણ જણાવ્યું છે કે પ્રથમ પક્ષકાર એમ પણ ઈચ્છે કે બીજા પક્ષકારને નવી ફેકટરીમાં ચાલુ રહેશે અને નવી ફેકટરીમાં પહોંચવા બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર રૂા.૧૦૦૦/– (એક હજાર રુપિયા) ગાડી ભાડા અને પરચુરણ ખર્ચ માટે આપશે. પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને ઉપર જણાવ્યા મુજબની તા.૧૩–૦૭–૨૦૦૫ ની નોટીશ આપીને જે હુકમ સુચના આપી છે તેવો હુકમ / સુચના નીચે જણાવેલ કારણોસર સદરહુ ટ્રાન્સફર મેલાફાઈડ ગેરકાયદેસરની, અન્યાયી, જુલ્મી અને બિનઅધિકૃત તેમજ બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થા સામે યુનીયનમાં જોડાઈ તેમના પ્રશ્ન રજુ કરવા માટેની શરુઆત કરેલી અને વિવિધ માંગણીઓ મુકેલી તેનાથી નારાજ થઈને તેમની યુનીયન એકટીવીટી તોડવાના તથા તેનું અસ્તિત્વ જ ન રહે એવા બદઈરાદે બીજા પક્ષકારની તેવી એકટીવીટીના કારણે તેમનાં નોકરીનો ભોગ લેવામાં આવેલ છે. જેથી અરજદારને તા.૨૯/૦૭/૨૦૦૫ ના રોજ પછીથી આજદિન સુધીમાં પડેલા દિવસોના પુરેપુરા પગાર તથા લાભો સાથે નોકરીમાં પુન:સ્થાપિત થવા દાદ માંગેલ છે.

(૪) બીજા પક્ષકારના માંગણાંના નિવેદનનો પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી **આંક–૫** થી લેખીત જવાબ રજુ કરી જણાવેલ છે કે, આ રેફરન્સ ખરો નથી અને મૂળથી જ ગેરકાયદેસરનો, ગેરવ્યાજબી, અન્યાયી અને કુદરતી ન્યાયનાં સિધ્ધાંત વિરુધ્ધનો તથા એક તરફી અને કાયદાકીય જોગવાઈઓનાં ખોટા અર્થઘટન પર આધારીત થયેલ છે જે ખર્ચ સહિત રદ થવાને પાત્ર છે. આ રેફરન્સ કોઈ પણ જાતનાં કોઝ ઓફ એકશન વગર થયો છે. તેથી પણ તે ગેરકાયદેસરનો હોય, રદ થવાને પાત્ર છે. રેફરન્સના બીજા પક્ષકારને આ પ્રકારની તકરાર પ્રથમ પક્ષકાર વિરુધ્ધ ઉપસ્થિત કરવાનાં કાયદેસરના કોઈ હકક–અધિકાર નથી તેમજ, બીજા પક્ષકાર સમક્ષ આ પ્રકારની તકરાર ઉપસ્થિત કરવા, કરાવવાનાં કાયદેસરનાં કોઈ કારણો કયારેય ઉપસ્થિત થયા હોવાના કોઈજ પ્રશ્નો જ નથી. તેમજ તેવા પ્રશ્નો તેઓ સમક્ષ ઉપસ્થિત થયા હોવાના પણ કાયદાકીય કોઈ પ્રશ્નો જ નથી. જે કારણોસર પણ સદરહુ રેફરન્સ મૂળથી જ ગેરકાયદેસરનો હોય રદ થવાને પાત્ર છે.

વિશેષમાં પ્રથમ પક્ષકાર તેમના જવાબમાં જણાવે છે કે, સદરહુ રેફરન્સનાં મૂળમાં સમાધાન કાર્યવાહી દરમ્યાન બીજા પક્ષકારની વિગતો અને ખરી હકીકતો તથા તમામ રજુઆતો અને પ્રપોઝલ્સ તથા સમાધાન ફોર્મ્યુલા અને તે ઉપરાંત તે સમયે પણ બીજા પક્ષકારને કંપનીના ઉત્પાદન કાર્ય જયાં ચાલે છે ત્યાં

એટલે કે, ખપોલી ગામ પાસે ખરસુડી ફેકટરીમાં નોકરી કરવી હોય તો હાજર થઈ જાય તેવી ફોર્મેચુલા અને રજુઆત કરેલ તેને ધ્યાનમાં લીધા વગરજ તેમજ પ્રથમ પક્ષકારને સાંભળવાની યોગ્ય તક આપ્યા વગર તેમજ જરુરી કાયદાકીય તપાસ કર્યા વગર જ બીજા પક્ષકારની પૂર્વગ્રહપૂર્વકની તેમજ ગેરમાર્ગે દોરનારી તથા ગેરકાયદેસરની વિગતો માન્ય રાખી સમાધાન અધિકારીશ્રીએ સદરહ રેફરન્સ એક તરફી ગેરકાયદેસનો તેમજ અન્યાયી અને કુદરતી ન્યાયનાં સિધ્ધાંત વિરુધ્ધનો તેમજ બીજા પક્ષકાર અને તેમનાં જેવાજ પ્રથમ પક્ષકારનાં આશરે ચાળીસ જેટલા અન્ય કામદારોની રજુઆત જે પ્રથમ પક્ષકાર વિરુધ્ધ એક સરખીજ રહેલ તે ધ્યાનમાં લેતાં અને ઔદ્યોગીક વિવાદ ધારો–૧૯૪૭ ની જોગવાઈઓ ધ્યાનમાં લેતાં તેમજ સમાધાન અધિકારીશ્રીએ તેમને મળેલ સત્તા મુજબ યોગ્ય અને કાયદેસરનાં અર્થઘટન કરી મજકુર કામદારોની પ્રથમ પક્ષકાર વિરુધ્ધની એક સરખી અને એકજ જાતનાં કોઝ ઓફ એકશનવાળી અને સામાન્ય બાબતને સંયુકત રીતે મુલવી મજકુર કામદારોનાં પ્રથમ પક્ષકાર વિરુધ્ધનાં કહેવાતા ટર્મીનેશન અંગેનાં મુળ કોઝ ઓફ એકશન માટે તે મુદ્દાથી અને તે મુદ્દાની બાબતને તકરાર ગણી જે તે કોમ્પીટન્ટ કોર્ટને અગર નામદાર કોર્ટ સમક્ષ ન્યાય–નિર્ણય માટે તેવા અલગ એક માત્ર અને જોઈન્ટ કાયદાકીય મુદ્દાથી સૌપ્રથમ રેફરન્સ કરવો જોઈતો હતો. અને ત્યાર બાદ જ બીજા પક્ષકારે જણાવેલ છે તેમ તેનું ટર્મીનેશન થયું હોય તો તેવા મુદ્દાને તકરારી મુદ્દા તરીકે એટલે કે પુન:સ્થાપિત વિગેરેનાં મુદ્દાથી વ્યકિતગત રેફરન્સ કરવો જોઈતો હતો. પરંતુ તેમ ન કરી ગેરકાયદેસરનાં અને એક તરફી તેમજ કુદરતી ન્યાયનાં સિધ્ધાંત વિરુધ્ધનાં નિર્ણય લઈ વ્યકિતગત રેફરન્સ કરેલ છે. હાલનો રેફરન્સ અને તેની વિષય વસ્તુ એટલે કે તકરાર મૂળથી જ ગેરકાયદેસરનાં અને ગેરવ્યાજબી હોય રદ થવાને પાત્ર છે.

પ્રથમ પક્ષકાર વિશેષમાં જણાવે છે કે બીજા પક્ષકારે જણાવેલ વિગત કે, પ્રથમ પક્ષકાર તરફથી તા.૧૩/૦૭/૨૦૦૫ ની નોટીસની વિગતોથી તેઓની સદર ટ્રાન્સફરની સંપુર્ણ જાણકારી આપેલ હોવા છતાં સદર નોટીસમાં જણાવ્યા મુજબ જણાવેલ સમય મર્યાદામાં પ્રથમ પક્ષકારને એમ્પલોયર તરીકે તેમને મળેલ કાયદાકીય તથા પ્રસ્થાપિત હકક અનુસાર આપેલ હુકમ અને સુચના મુજબ બીજા પક્ષકારે ટ્રાન્સફર કરેલ તેમની જગ્યાએ એટલે કે, મહારાષ્ટ્રમાં ખપોલી પાસે આવેલ ખરસુડીની સંસ્થાની નવી ફેકટરીમાં તેઓની ફરજ બજાવવા માટે તેઓ હાજર થયેલ નહિ અને જણાવેલ સમય મર્યાદામાં બીજા પક્ષનાએ પ્રથમ પક્ષકારનાં સદર ટ્રાન્સફર હુકમનું પાલન કરેલ નહિ અને તેથી પ્રથમ પક્ષનાએ જાહરે કર્યા મુજબ બીજા પક્ષનાને પ્રથમ પક્ષકાર કંપનીમાં આગળ કામ કરવામાં રસ નથી અને બીજા પક્ષકાર કંપનીમાંથી રાજીનામું આપી અને છુટા થઈ રહયા છે તેમ ગણવાનું છે તેવી જાહેરાત થયેલ અને તે રીતે બીજા પક્ષકારે પ્રથમ પક્ષકારના આ ટ્રાન્સફર હુકમનું પાલન ન કરી પ્રથમ પક્ષકારને ત્યાંની નોકરી જાતે અને સ્વેચ્છાએ ત્યજી દઈ બીજા પક્ષકારે જાતે જ પ્રથમ પક્ષકાર સાથેનાં તેમના કામદાર – માલીકના સંબંધનાં આ રીતે અંત લાવેલ અને તેથી બીજા પક્ષકારે પ્રથમ

પક્ષકારની તૈયારી અને જાહેરાત અને રજુઆત મુજબ બીજા પક્ષકારના બધા લીગલ ડયુઝ ચુકવવા તૈયારી બતાવેલ પરંતુ બીજા પક્ષકારે તે પણ અને પ્રથમ પક્ષકાર વિરૂધ્ધ ખોટી અને ગેરકાયદેસરની વિગતો અને તકરારો ઉપસ્થિત કરી અને મદદનીશ મજુર કમિશ્નરશ્રી, વલસાડ સમક્ષ સામાવાળાના વિરૂધ્ધ ખોટી અને ગેરકાયદેસરની કાર્યવાહીઓ શરૂ કરેલ કરાવેલ જેમાં સામાવાળા તરફે યોગ્ય અને કાયદેસરની તમામ રજુઆતો કરવામાં આવેલ અને સદરહું બાબતો હોવા છતાં પ્રથમ પક્ષકારને બીજા પક્ષકાર તથા તેમના સાથી કામદારો કે જેઓએ તેમની રીતે જ પ્રથમ પક્ષકારના આ ટ્રાન્સફર હુકમનું પાલન ન કરેલ તેઓને નોકરી માટે ખરસુડી ફેકટરીમાં હાજર થઈ જવા જણાવેલ તેમજ, તેમ હાજર ન થવું હોય તો કાયદાકીય રીતે ઉપર અગાઉ જણાવ્યું તે મુજબ પ્રથમ પક્ષકારએ કરેલ જાહેરાત મુજબ બીજા પક્ષકારની નોકરીનો અંત આવ્યો હોવા છતાં પ્રથમ પક્ષકારને ત્યાં નોકરી આપવા જણાવેલ આવી વિગત હોવા છતાં જો નોકરીમાં હાજર નહિ થવું હોય તો બીજા પક્ષકારને તેમના લીગલ ડયુઝ સેટલ કરી નાણાં લઈ જવા જણાવેલ પરંતુ બીજા પક્ષકાર તરફે સમાધાન અધિકારીશ્રી, સમક્ષ પણ ખોટી અને ગેરકાયદેસરની તથા ગેરમાર્ગે દોરનારી રજુઆતો થયેલ છે જેથી સદર રેફરન્સ જ ખર્ચ સહિત રદ થવાને પાત્ર છે.

(૫) આ કામના બીજા પક્ષકાર દ્વારા નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**-:મૌખીક પુરાવા:-**

**આંક-૧૨** બીજા પક્ષકાર **સીતાબેન માહયાભાઈ રડીયા** નું પુરાવા સોગદનામું.

**-:દસ્તાવેજી પુરાવા:-**

બીજા પક્ષકાર તરફે **આંક-૬** થી નીચે મુજબના દસ્તાવેજો રજુ કરવામાં આવેલ છે.

| અ.નં. | દસ્તાવેજોની વિગત. | આંક/ નિશાની |
|---|---|---|
| ૧. | પ્ર.પ. બી.પ. ને. આપેલ આઈડેન્ટીટી કાર્ડની ઝેરોક્ષ નકલ. | નિ.૬/૧ |
| ૨. | પ્ર..પ. બી.પ. ને આપેલ પગાર ચિઠ્ઠીની ઝેરોક્ષ નકલ. | નિ.૬/૨ |

બીજા પક્ષકાર તરફે **આંક-૧૦** થી નીચે મુજબના દસ્તાવેજો રજુ કરવામાં આવેલ છે.

| અ.નં. | દસ્તાવેજોની વિગત. | આંક/ નિશાની |
|---|---|---|
| ૧. | બીજા પક્ષકાર કામદારો યુનિયનમાં જોડાયા તે અંગેનાં પત્રની નકલ. | નિ.૧૦/૧ |
| ૨. | બીજા પક્ષકારનાં યુનિયન પ્ર.પ.ને. લખેલ પત્રની નકલ. | નિ.૧૦/૨ |
| ૩ | બીજા પક્ષકાર કામદારને પ્ર.પ. ને લખેલ પત્રની નકલ. | નિ.૧૦/૩ |
| ૪ | નિ.૩ નાં પત્ર રજીએડીથી મોકલેલ તે બાબતે પોસ્ટ ખાતામાંથી મળેલ મની રસીદ | નિ.૧૦/૪ |
| ૫ | બી.પ. નાં યુનિયને પ્ર.પ. ને લખેલ પત્રની નકલ. | નિ.૧૦/૫ |

| | | |
|---|---|---|
| ૬ | બી.પ.નાં યુનિયને પ્ર.પ. ને લખેલ પત્રની નકલ. | નિ.૧૦/૬ |
| ૭ | બી.પ.નાં યુનિયને પ્ર.પ. ને લખેલ પત્રની નકલ. | નિ.૧૦/૭ |

(૬) આ કામના પ્રથમ પક્ષકાર દ્વારા નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**<u>–:મૌખીક પુરાવા:–</u>**

**<u>આંક–૨૧</u>** પ્રથમ પક્ષકારના સાક્ષી શ્રી પ્રણવ સુરેશભાઈ જસાણીનું પુરાવા સોગંદનામું.

**<u>–:દસ્તાવેજી પુરાવા:–</u>**

પ્રથમ પક્ષકાર તરફે **આંક–૧૧** થી નીચે મુજબના દસ્તાવેજો રજુ કરવામાં આવેલ છે.

| અ.નં. | દસ્તાવેજોની વિગત | આંક/ નિશાની |
|---|---|---|
| ૧ | પ્ર.પ.એ તેમની કંપનીની ઉમરગામની બધી ઉત્પાદન પ્રવૃત્તિ બંધ કરી ખરસુડી (મહારાષ્ટ્ર) ખાતે ઉત્પાદન પ્રક્રિયા ચાલુ કરવા અંગે તથા તેને પરિણામે કંપનીના બધા કામદારોની કંપનીની સદર નવી જગ્યામાં ટ્રાન્સફર કરવા અંગે તથા નવી જગ્યા પર હાજર થવા વિગેરે અંગેની કંપનીમાં મુકેલ નોટીશની નકલ. | ૧૧/૧ |
| ૨ | –એજન– નોટીશ બી. પ.ને રજી.એ.ડી.થી તથા યુ.પી.સી.થી તેમના ઘરના સરનામે મોકલ્યા પછી તે પોષ્ટલ શેરા સહિત પરત આવેલ તે રજી.એ.ડી. એકનોલેજમેન્ટ સહિતનું મુળ શીલ્ડ કવર. | ૧૧/૨ |
| ૩ | પ્ર.પ. કંપનીએ બી.પ.ને તેમના ઘરના સરનામે યુપીસી/રજી.એ.ડી. દ્વારા એક પત્ર લખી પ્ર.પ. કંપનીમાંથી સ્વૈચ્છાએ છુટા થયા તેની જાણ કરતી તથા હાજર ન થવું હોય તો તેઓનો કાયદેસરનો હિસાબ લઈ જવાની વિગેરે વિગત જણાવતી નોટીશ મોકલેલ તેની નકલ. | ૧૧/૩ |
| ૪ | સદર પત્ર અરજદારે સ્વીકારવાની ના પાડતા પોષ્ટલ શેરા સહિત કંપનીને પરત મળેલ મૂળ રજી.એ.ડી. શીલ્ડ કવર. | ૧૧/૪ |
| ૫ | એજન–નોટીશ રજી.એ.ડી. દ્વારા શ્રમ આયુકતશ્રી ગુજરાત રાજયને મોકલ્યાની એકનોલેજમેન્ટની મુળ નકલ.. | ૧૧/૫ |
| ૬ | એજન–નોટીશ રજી.એ.ડી. દ્વારા શ્રમ આયુકતશ્રી લેઉઆ સાહેબને મોકલ્યાની એકનોલેજમેન્ટની મુળ નકલ. | ૧૬/૬ |
| ૭ | એજન–નોટીશ રજી.એ.ડી. દ્વારા શ્રમ આયુકતશ્રી બલાત સાહેબ વાપી ખાતે ને મોકલ્યાની એકનોલેજમેન્ટની ઝેરોક્ષ નકલ. | ૧૧/૭ |
| ૮ | શ્રમ આયુકતશ્રી ગુજરાત રાજયને તેમની એક નોટીસનો સામાવાળો આપેલ જવાબની નકલ. | ૧૧/૮ |
| ૯ | એજન–જવાબની નકલ રજી.એ.ડી. દ્વારા શ્રમ આયુકતશ્રી ગુજરાત રાજયને મોકલ્યાની મુળ એકનોલેજમેન્ટ નકલ. | ૧૧/૯ |
| ૧૦ | એજન–જવાબની નકલ રજી.એ.ડી. દ્વારા શ્રમ આયુકતશ્રી લેઉઆ સાહેબને મોકલ્યાની એકનોલેજમેન્ટની મુળ નકલ. | ૧૧/૧૦ |

| | | |
|---|---|---|
| ૧૧ | એજન–જવાબની નકલ રજી.એ.ડી. દ્વારા શ્રમ અધિકારીશ્રી બલાત સાહેબને મોકલ્યાની એકનોલેજમેન્ટની મુળ નકલ. | ૧૧/૧૧ |
| ૧૨ | સામાવાળો રજી.એ.ડી. દ્વારા શ્રી સરકારી મજુર અધિકારીશ્રી બલાત સાહેબને તેમનાં એક પત્રનાં આપેલ જવાબની નકલ. | ૧૧/૧૨ |
| ૧૩ | એજન–જવાબની નકલ રજી.એ.ડી. દ્વારા શ્રી સરકારી મજુર અધિકારીશ્રી બલાત સાહેબને મળી ગયા અંગેની એકનોલેજમેન્ટની મુળ નકલ. | ૧૧/૧૩ |
| ૧૪ | શ્રમ આયુકતશ્રી ગુજરાત રાજયને રજી.એ.ડી. દ્વારા ગ્રેજયુઈટી ચુકવણી અધિનિયમ હેઠળ આપેલ ફરીયાદ અંગે સામાવાળો આપેલ જવાબની નકલ. | ૧૧/૧૪ |
| ૧૫ | એજન–જવાબની નકલ રજી.એ.ડી. દ્વારાશ્રી ગુજરાત રાજયને મળી ગયા અંગેની એકનોલેજમેન્ટની મુળ નકલ. | ૧૧/૧૫ |
| ૧૬ | એજન–ની નકલ રજી.એ.ડી. દ્વારા શ્રમ અધિકારીશ્રી જોષી સાહેબને મળી ગયા અંગેની એકનોલેજમેન્ટની નકલ. | ૧૧/૧૬ |
| ૧૭ | સામાવાળો ઉમરગામ ખાતેથી ફેકટરી ટ્રાન્સફર કરી મહારાષ્ટ્રનાં ખપોલી ખાતે ચાલુ કરી તે અંગે પ.પ.એ ઉમરગામ ખાતેથી તેમનો ઉત્પાદિત માલ મહારાષ્ટ્રનાં ખપોલી ખાતે લઈ ગયા અંગેનાં મોર્ડન કાર્ગો સર્વિસસીસ પ્રા.લી. મુંબઈનાં બીલની ઝેરોક્ષ નકલ. | ૧૧/૧૭ |
| ૧૮ | સામાવાળો ઉમરગામ ખાતેથી તેમનો ઉત્પાદિત માલ મહારાષ્ટ્રનાં ખપોલી ખાતે લઈ ગયા અંગેનાં મોર્ડન કાર્ગો સર્વિસસીસ પ્રા.લી. મુંબઈનાં બીલની ઝેરોક્ષ નકલ. | ૧૧/૧૮ |
| ૧૯ | સામાવાળો ઉમરગામ ખાતેથી તેમનો ઉત્પાદિત માલ મહારાષ્ટ્રનાં ખપોલી ખાતે લઈ ગયા અંગેનાં મોર્ડન કાર્ગો સર્વિસસીસ પ્રા.લી. મુંબઈનાં બીલની ઝેરોક્ષ નકલ. | ૧૧/૧૯ |
| ૨૦ | સામાવાળો ઉત્પાદિત કરેલ માલ મહારાષ્ટ્રનાં ખપોલી ફેકટરીથી જે. એન.પી.ટી. ખાતે મોકલ્યા અંગેનાં મોર્ડન કાર્ગો સર્વિસસીસ પ્રા.લી. મુંબઈનાં બીલની ઝેરોક્ષ નકલ. | ૧૧/૨૦ |
| ૨૧ | સામાવાળો ઉત્પાધિત કરેલ માલ મહારાષ્ટ્રનાં ખપોલી ફેકટરીથી જે.એન.પી.ટી. ખાતે મોકલ્યા અંગેનાં મોર્ડન કાર્ગો સર્વિસસીસ પ્રા.લી. મુંબઈના બીલની ઝેરોક્ષ નકલ. | ૧૧/૨૧ |
| ૨૨ | સામાવાળો ઉત્પાધિત કરેલ માલ મહારાષ્ટ્રનાં ખપોલી ફેકટરીથી જે.એન.પી.ટી. ખાતે મોકલ્યા અંગેનાં મોર્ડન કાર્ગો સર્વિસસીસ પ્રા.લી. મુંબઈના બીલની ઝેરોક્ષ નકલ. | ૧૧/૨૨ |
| ૨૩ | સામાવાળા કંપનીનાં ઉમરગામ ફેકટરીનાં લાઈટ બીલની નકલ. | ૧૧/૨૩ |
| ૨૪ | સામાવાળા કંપનીનાં ઉમરગામ ફેકટરીનાં લાઈટ બીલની નકલ. | ૧૧/૨૪ |
| ૨૫ | સામાવાળા કંપનીનાં ઉમરગામ ફેકટરીનાં લાઈટ બીલની નકલ. | ૧૧/૨૫ |
| ૨૬ | સામાવાળા કંપનીનાં ઉમરગામ ફેકટરીનાં લાઈટ બીલની ઝેરોક્ષ નકલ. | ૧૧/૨૬ |

| | | |
|---|---|---|
| ૨૭ | સામાવાળા કંપનીનાં ઉમરગામ ફેકટરીનાં લાઈટ બીલની ઝેરોક્ષ નકલ. | ૧૧/૨૭ |
| ૨૮ | સામાવાળા કંપનીનાં ઉમરગામ ફેકટરીનાં લાઈટ બીલની ઝેરોક્ષ નકલ. | ૧૧/૨૮ |
| ૨૯ | મહારાષ્ટ્રમાં વેટનો કાયદો લાગુ પડયાની માહિતી આપતો સામાવાળા કંપનીને મળેલ રસકયુલરની નકલ. | ૧૧/૨૯ |
| ૩૦ | સામાવાળા કંપનીને ગુજરાતમાં વેટ લાગુ પડયાની કાયદાકીય માહિતીનો મળેલ પત્રની નકલ. | ૧૧/૩૦ |

પ્રથમ પક્ષકાર તરફે **આંક–૧૯** થી નીચે મુજબના દસ્તાવેજો રજુ કરવામાં આવેલ છે.

| ક્રમ | દસ્તાવેજોની વિગત | નિ./આંક |
|---|---|---|
| ૧ | પ્રથમ પક્ષકાર કંપનીએ મે.રાજ ચેટોન ઈન્ડ. પ્રા.લી. સાથે કરેલ ડીડ ઓફ એસાઈમેન્ટ કમ કન્વેયન્સ રજીસ્ટ્રેશન પહોંચ નં. ઈ. ૫૩૧૯૬૮૧ (૯૨૮૮) સહિતની નકલ. નિ.૧/૧ | ૧૯/૧ |
| ૨ | પ્રથમ પક્ષકાર કંપનીએ મે.રાજ ચેટોન ઈન્ડ. પ્રા.લી. સાથે કરેલ એગ્રીમેન્ટ ફોર સ ેલની નકલ. | ૧૯/૨ |
| ૩ | પ્રથમ પક્ષકાર કંપનીએ સુપ્રિન્ટેડન્ટ સેન્ટ્રલ એકસાઈઝને એકસાઈઝ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ મેન્યુ પરત કર્યુ તેના પત્રની નકલ. (રજી.સર્ટી.સહિત) નિ.૩/૧) | ૧૯/૩ |
| ૪ | પ્રથમ પક્ષકાર કંપની અને મે.રાજ ચેટોન ઈન્ડ. પ્રા.લી. નાએ<br>પ્રથમ પક્ષકાર કંપનીનો પ્લોટ ટ્રાન્સફર કરવા રીજીઓનલ મેનેજર જી.આઈ.ડી.સી. વાપીને આપેલ અરજીની નકલ. | ૧૯/૪ |
| ૫ | જી.આઈ.ડી.સી. વાપીના રીજીઓનલ મેનેજરના પ્લોટ પ્રથમ પક્ષકાર પાસેથી મે. રાજ ચેટોન ઈન્ડ. પ્રા.લી.નાને ટ્રાન્સફર કર્યાના ઓફીસ ઓર્ડરની નકલ. | ૧૯/૫ |
| ૬ | પ્રથમ પક્ષકાર કંપનીએ જી.આઈ.ડી.સી. વાપીને ફીકસ ચાર્જીસના બીલ નં. ૫/૦૦૩૪૯ તથા બીલ નં.૫/૦૦૩૫૧ તથા રસીદ નં. DY. ૦૫૧૫૫૮૧ તથા ૦૫૧૫૫૮૨ (નિ.૬/૧, નિ.૬/૨, નિ.૬/૩ અને નિ.૬/૪)ની નકલ. | ૧૯/૬ |
| ૭ | ભાગીદારી પેઢીનો ધંધો પ્રા.લી. કંપની મે.ડેલ્ટા સ્ટોરેજ સીસ્ટમને ટેકઓવર કર્યાનું ડીડ ઓફ એસાઈમેન્ટની નકલ. | ૧૯/૭ |
| ૮ | પ્રથમ પક્ષકાર સંસ્થાના સેન્ટ્રલ એકસાઈઝને એકસાઈઝ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની નકલ | ૧૯/૮ |
| ૯ | પ્રથમ પક્ષકાર સંસ્થાનું ડેલ્ટા સ્ટોરેજ સીસ્ટમ પ્રા. લી.નું સેન્ટ્રલ એકસાઈઝને એકસાઈઝ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ ની નકલ. | ૧૯/૯ |
| ૧૦ | પ્રથમ પક્ષકાર સંસ્થાનું સર્ટીફીકેટ ઓફ રજીસ્ટ્રેશન ધી સેન્ટ્રલ<br>સેલ્સટેક્ષ રજીસ્ટ્રેશન એન્ડ ટર્નઓવર) રુલ્સ ૧૯૫૭ હેઠળ પ્રથમ પક્ષકાર કંપનીના મહારાષ્ટ્ર સિવાય અન્ય કોઈ જગ્યાએ ધંધાની જગ્યા હોવાની જાહેરાત સહિતનાની નકલ. | ૧૯/૧૦ |

| | | |
|---|---|---|
| ૧૧ | કંપનીઝ એકટ, ૧૯૫૬ હેઠળનું પ્રથમ પક્ષકાર કંપનીનું સર્ટીફીકેટ ઓફ ઈન્કોર્પોરેશનની નકલ. | ૧૯/૧૧ |
| ૧૨ | ડાયરેકટર ઓફ ઈન્ડસ્ટ્રીઝ મહારાષ્ટ્ર સરકાર સમક્ષ, ડીસ્ટ્રીકટ ઈન્ડસ્ટ્રીઝ સમક્ષ આપેલ ડીકલેરેશન ફોર્મની નકલ. ઉત્પાદન કાર્ય શરુ કરવા અંગેની સ્વીકૃતિ પત્ર સહિતની નકલ. (નિ.૧૨/૧) | ૧૯/૧૨ |
| ૧૩ | ભારત સરકાર મીનીસ્ટ્રી ઓફ કોમર્સ ધ્વારા પ્રથમ પક્ષકાર કંપનીને આપેલ સર્ટીફીકેટ ઓફ ઈમ્પોર્ટર– એક્ષપોર્ટસ્કોર્ડ (આઈ.ઈ.સી.) | ૧૯/૧૩ |
| ૧૪ | ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ, રાઈગઢના જોઈન્ટ ડાયરેકટરશ્રીએ પ્રથમ પક્ષકાર કંપનીના નકશા મંજુર કર્યાના પત્રની નકલ. | ૧૯/૧૪ |
| ૧૫ | પ્રથમ પક્ષકાર કંપનીના ફેકટરી લાયસન્સ નં.૦૯૩૩૬૦ ની નકલ. | ૧૯/૧૫ |
| ૧૬ | પ્રથમ પક્ષકાર કંપનીને મહારાષ્ટ્ર પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ ધ્વારા આપેલ સંમતિ પત્રકની નકલ. | ૧૯/૧૬ |
| ૧૭ | પ્રથમ પક્ષકાર કંપનીએ મહારાષ્ટ્ર પોલ્યુશન બોર્ડને કંપનીના નામ ફેરફાર અંગે આપેલ પત્રની નકલ. | ૧૯/૧૭ |
| ૧૮ | રાષ્ટ્રીય લઘુ ઉધોગ નિગમ લીમીટેડ ધ્વારા સીંગલ પોઈન્ટ રજીસ્ટ્રેશન સ્કીમમાં પ્રથમ પક્ષકાર કંપનીના કરેલ રજીસ્ટ્રેશન સર્ટીની આપેલ નકલ. | ૧૯/૧૮ |
| ૧૯ | મહારાષ્ટ્ર સ્ટેટ ઈલેકટ્રીસીટી ડીસ્ટ્રીબ્યુશન કુા. લી. ધ્વારા પ્રથમ પક્ષકાર કંપનીને મોકલાવેલ લાઈટ બીલની નકલ. | ૧૯/૧૯ |
| ૨૦ | મહારાષ્ટ્ર સ્ટેટ ઈલેકટ્રીસીટી ડીસ્ટ્રીબ્યુશન કુા. લી. ધ્વારા પ્રથમ પક્ષકાર કંપનીને મોકલાવેલ લાઈટ બીલની નકલ. | ૧૯/૨૦ |
| ૨૧ | પ્રથમ પક્ષકાર કંપનીએ ઉમરગામ ખાતેથી કંપનીના પાલઘર ખાતેના ગોડાઉન પર મશીનરી, સ્પેર્સ વિગેરે ટ્રાન્સફર કર્યા અંગેના વિવિધ દસ્તાવેજો અનુક્રમે.<br>(૧) ડીલીવરી ચલણની નકલ નં. ૭૫૩,<br>(૨) શિવશકિત રોડ લાઈન્સની ડીલેવરી બીલની નકલ જી.સી.નં. ૦૦૦૯૨૪<br>(૩)પ્રથમ પક્ષકાર કંપનીએ તેઓના કર્મચારીને ઉમરગામ ખાતેથી મશીનરી ઉખેડી, ખરસુડી લઈ જવા માટે આપેલ સત્તા પત્ર.<br>(૪)ગુજરાત સેલ્સટેક્ષ ફોર્મ ૪૫–એ જે ઓફીસ ઈન્ચાર્જ–ચેકપોસ્ટ– કેરીયરને પ્રથમ પક્ષકાર કંપનીએ આપેલ તેની નકલ. | ૧૯/૨૧ |
| ૨૨ | પ્રથમ પક્ષકાર કંપનીએ ઉમરગામ ખાતેથી કંપનીના પાલઘર ખાતેના ગોડાઉન પર મશીનરી, સ્પેર્સ વિગેરે ટ્રાન્સફર કર્યા અંગેના વિવિધ દસ્તાવેજો અનુક્રમે<br>(૧) ડીલવરી ચલણની નકલ નં.૭૫૨,<br>(૨) શિવશકિત રોડ લાઈન્સની ડીલવરી બીલની નકલ જી.સી.નં.૦૦૦૯૨૫<br>(૩)પ્રથમ પક્ષકાર કંપનીએ તેઓના કર્મચારીને ઉમરગામ ખાતેથી મશીનરી ઉખેડી, ખરસુડી લઈ જવા માટે આપેલ સત્તા પત્ર.<br>(૪)ગુજરાત સેલ્સટેક્ષ ફોર્મ ૪૫–એ જે ઓફીસ ઈન્ચાર્જ–ચેકપોસ્ટ– કેરીયરને પ્રથમ પક્ષકાર કંપનીએ આપેલ તેની નકલ. | ૧૯/૨૨ |
| ૨૩ | પ્રથમ પક્ષકાર કંપનીએ ઉમરગામ ખાતેથી કંપનીના પાલઘર ખાતેના ગોડાઉન | ૧૯/૨૩ |

| | | |
|---|---|---|
| | પર મશીનરી, સ્પેર્સ વિગેરે ટ્રાન્સફર કર્યા અંગેના વિવિધ દસ્તાવેજો અનુક્રમે<br>(૧) ડીલવરી ચલણની નકલ નં.૭૫૭,<br>(૨) શિવશકિત રોડ લાઈન્સની ડીલવરી બીલની નકલ જી.સી.નં.૦૦૦૯૨૬<br>(૩)પ્રથમ પક્ષકાર કંપનીએ તેઓના કર્મચારીને ઉમરગામ ખાતેથી મશીનરી ઉખેડી, ખરસુડી લઈ જવા માટે આપેલ સત્તા પત્ર.<br>(૪)ગુજરાત સેલ્સટેક્ષ ફોર્મ ૪૫-એ જે ઓફીસ ઈન્ચાર્જ-ચેકપોસ્ટ- કેરીયરને પ્રથમ પક્ષકાર કંપનીએ આપેલ તેની નકલ. | |
| ૨૪ | પ્રથમ પક્ષકાર કંપનીએ ઉમરગામ ખાતેથી કંપનીના પાલઘર ખાતેના ગોડાઉન પર મશીનરી, સ્પેર્સ વિગેરે ટ્રાન્સફર કર્યા અંગેના વિવિધ દસ્તાવેજો અનુક્રમે<br>(૧) ડીલવરી ચલણની નકલ નં.૭૫૫,<br>(૨) શિવશકિત રોડ લાઈન્સની ડીલવરી બીલની નકલ જી.સી.નં.૦૦૦૯૨૭<br>(૩)પ્રથમ પક્ષકાર કંપનીએ તેઓના કર્મચારીને ઉમરગામ ખાતેથી મશીનરી ઉખેડી, ખરસુડી લઈ જવા માટે આપેલ સત્તા પત્ર.<br>(૪)ગુજરાત સેલ્સટેક્ષ ફોર્મ ૪૫-એ જે ઓફીસ ઈન્ચાર્જ-ચેકપોસ્ટ- કેરીયરને પ્રથમ પક્ષકાર કંપનીએ આપેલ તેની નકલ. | ૧૯/૨૪ |
| ૨૫ | પ્રથમ પક્ષકાર કંપનીએ ઉમરગામ ખાતેથી કંપનીના પાલઘર ખાતેના ગોડાઉન પર મશીનરી, સ્પેર્સ વિગેરે ટ્રાન્સફર કર્યા અંગેના વિવિધ દસ્તાવેજો અનુક્રમે<br>(૧) ડીલવરી ચલણની નકલ નં.૭૫૮,<br>(૨) શિવશકિત રોડ લાઈન્સની ડીલવરી બીલની નકલ જી.સી.નં.૦૦૦૯૨૮<br>(૩)પ્રથમ પક્ષકાર કંપનીએ તેઓના કર્મચારીને ઉમરગામ ખાતેથી મશીનરી ઉખેડી, ખરસુડી લઈ જવા માટે આપેલ સત્તા પત્ર.<br>(૪)ગુજરાત સેલ્સટેક્ષ ફોર્મ ૪૫-એ જે ઓફીસ ઈન્ચાર્જ-ચેકપોસ્ટ- કેરીયરને પ્રથમ પક્ષકાર કંપનીએ આપેલ તેની નકલ. | ૧૯/૨૫ |
| ૨૬ | પ્રથમ પક્ષકાર કંપનીએ ઉમરગામ ખાતેથી કંપનીના પાલઘર ખાતેના ગોડાઉન પર મશીનરી, સ્પેર્સ વિગેરે ટ્રાન્સફર કર્યા અંગેના વિવિધ દસ્તાવેજો અનુક્રમે<br>(૧) ડીલવરી ચલણની નકલ નં.૭૫૬,<br>(૨) શિવશકિત રોડ લાઈન્સની ડીલવરી બીલની નકલ જી.સી.નં.૦૦૦૯૨૯<br>(૩)પ્રથમ પક્ષકાર કંપનીએ તેઓના કર્મચારીને ઉમરગામ ખાતેથી મશીનરી ઉખેડી, ખરસુડી લઈ જવા માટે આપેલ સત્તા પત્ર.<br>(૪)ગુજરાત સેલ્સટેક્ષ ફોર્મ ૪૫-એ જે ઓફીસ ઈન્ચાર્જ-ચેકપોસ્ટ- કેરીયરને પ્રથમ પક્ષકાર કંપનીએ આપેલ તેની નકલ. | ૧૯/૨૬ |
| ૨૭ | પ્રથમ પક્ષકાર કંપનીએ ઉમરગામ ખાતેથી કંપનીના પાલઘર ખાતેના ગોડાઉન પર મશીનરી, સ્પેર્સ વિગેરે ટ્રાન્સફર કર્યા અંગેના વિવિધ દસ્તાવેજો અનુક્રમે<br>(૧) ડીલવરી ચલણની નકલ નં.૭૫૪,<br>(૨) શિવશકિત રોડ લાઈન્સની ડીલવરી બીલની નકલ જી.સી.નં.૦૦૦૯૩૦<br>(૩)પ્રથમ પક્ષકાર કંપનીએ તેઓના કર્મચારીને ઉમરગામ ખાતેથી મશીનરી ઉખેડી, ખરસુડી લઈ જવા માટે આપેલ સત્તા પત્ર.<br>(૪)ગુજરાત સેલ્સટેક્ષ ફોર્મ ૪૫-એ જે ઓફીસ ઈન્ચાર્જ-ચેકપોસ્ટ- કેરીયરને પ્રથમ પક્ષકાર કંપનીએ આપેલ તેની નકલ. | ૧૯/૨૭ |

| | | |
|---|---|---|
| ૨૮ | પ્રથમ પક્ષકાર કંપનીએ ઉમરગામ ખાતેથી કંપનીના પાલઘર ખાતેના ગોડાઉન પર મશીનરી, સ્પેર્સ વિગેરે ટ્રાન્સફર કર્યા અંગેના વિવિધ દસ્તાવેજો અનુક્રમે<br>(૧) ડીલવરી ચલણની નકલ નં.૭૫૯,<br>(૨) શિવશકિત રોડ લાઇન્સની ડીલવરી બીલની નકલ જી.સી.નં.૦૦૫૩૯૫<br>(૩)પ્રથમ પક્ષકાર કંપનીએ તેઓના કર્મચારીને ઉમરગામ ખાતેથી મશીનરી ઉખેડી, ખરસુડી લઈ જવા માટે આપેલ સત્તા પત્ર.<br>(૪)ગુજરાત સેલ્સટેક્ષ ફોર્મ ૪૫–એ જે ઓફીસ ઈન્ચાર્જ–ચેકપોસ્ટ– કેરીયરને પ્રથમ પક્ષકાર કંપનીએ આપેલ તેની નકલ. | ૧૯/૨૮ |
| ૨૯ | પ્રથમ પક્ષકાર કંપનીએ ઉમરગામ ખાતેથી કંપનીના પાલઘર ખાતેના ગોડાઉન પર મશીનરી, સ્પેર્સ વિગેરે ટ્રાન્સફર કર્યા અંગેના વિવિધ દસ્તાવેજો અનુક્રમે<br>(૧) ડીલવરી ચલણની નકલ નં.૭૬૦, | ૧૯/૨૯ |
| ૩૦ | પ્રથમ પક્ષકાર કંપનીએ ઉમરગામ ખાતેથી કંપનીના પાલઘર ખાતેના ગોડાઉન પર મશીનરી, સ્પેર્સ વિગેરે ટ્રાન્સફર કર્યા અંગેના વિવિધ દસ્તાવેજો અનુક્રમે<br>(૧) ડીલવરી ચલણની નકલ નં.૭૬૩ તથી ૭૭૦, | ૧૯/૩૦ |
| ૩૧ | પ્રથમ પક્ષકાર કંપનીએ ઉમરગામ ખાતેથી કંપનીના પાલઘર ખાતેના ગોડાઉન પર મશીનરી, સ્પેર્સ વિગેરે ટ્રાન્સફર કર્યા અંગેના વિવિધ દસ્તાવેજો અનુક્રમે<br>(૧) ડીલવરી ચલણની નકલ નં.૭૭૧, | ૧૯/૩૧ |
| ૩૨ | પ્રથમ પક્ષકાર કંપનીના ડીલવરી ચલણની નકલ. નં.૭૭૨ થી ૭૭૪ | ૧૯/૩૨ |
| ૩૩ | સદર તા. ૧૦–૮–૨૦૦૫ ના રોજ ઉમરગામથી ડીસ્પેચ થયેલ મશીનરીના ટોલનાકા રસીદ નં.૨૧૮૨૬ તથા નં.૦૪૭૧૩૪ અરીહંત ટ્રાન્સપોર્ટની પેમેન્ટ રસીદ નં. ૮૧૪૭૧ ની નકલ. | ૧૯/૩૩ |
| ૩૪ | પ્રથમ પક્ષકાર કંપનીના ડીલવરી ચલણ નં.૭૭૬ ની નકલ. | ૧૯/૩૪ |
| ૩૫ | સદર તા. ૧૨–૮–૨૦૦૫ ના રોજ ઉમરગામથી ડીસ્પેચ થયેલ મશીનરીના ટોલનાકા રસીદ નં.૫૮૫૮૫ તથા નં.૦૪૭૧૩૪ અરીહંત ટ્રાન્સપોર્ટની પેમેન્ટ રસીદ નં. ૮૧૫૫૦ ની નકલ. | ૧૯/૩૫ |
| ૩૬ | પ્રથમ પક્ષકાર કંપનીના ડીલવરી ચલણ નં.૭૭૭ થી ૭૭૮ | ૧૯/૩૬ |
| ૩૭ | સદર તા.૧૭–૮–૨૦૦૫ ના રોજ ઉમરગામથી ડીસ્પેચ થયેલ મશીનરીના અરિહંત ટ્રાન્સપોર્ટની પેમેન્ટ રસીદ નં. ૮૧૬૨૮ ની નકલ. | ૧૯/૩૭ |
| ૩૮ | પ્રથમ પક્ષકાર કંપનીના ડીલવરી ચલણ નં. ૭૭૯ થી ૭૮૦ ની નકલ. | ૧૯/૩૮ |
| ૩૯ | સદર તા.૨૪–૮–૨૦૦૫ ના રોજ ઉમરગામથી ડીસ્પેચ થયેલ મશીનરીના અરિહંત ટ્રાન્સપોર્ટની પેમેન્ટ રસીદ નં. ૮૧૮૧૩ ની નકલ. | ૧૯/૩૯ |
| ૪૦ | તા.૧૦–૮–૨૦૦૫ થી તા.૨૪–૮–૨૦૦૫ સુધીના પ્રથમ પક્ષકાર કંપનીએ ઉમરગામ ફેકટરીથી મશીનરી વિગેરે મુંબઈ ટ્રાન્સફર કરેલ તે અંગેની અરીહંત ટ્રાન્સપોર્ટ ઉમરગામનું પ્રથમ પક્ષકાર કંપનીને આપેલ બીલ નં. યુ–૭૬૯૩ ની નકલ. | ૧૯/૪૦ |

| | | |
|---|---|---|
| ૪૧ | પ્રથમ પક્ષકાર કંપનીએ અન્ય કેટલીક મશીનરી ખરસુડી મુકામે મોકલી તેનું ચલણ નં. ૭૮૧, તા.૧–૯–૨૦૦૫ ની નકલ. | ૧૯/૪૧ |
| ૪૨ | પ્રથમ પક્ષકાર કંપનીએ અન્ય કેટલુંક મટીરીયલ અને સાધનો મશીનરી વિગેરે મુંબઈ ખરસુડી ફેકટરીએ મોકલ્યાના ડીલવરી ચલણ નં. ૭૮૨ ની નકલ. | ૧૯/૪૨ |
| ૪૩ | અનુ. નં. ૪૨ નો એજન માલ– સામાન શિવશકિત રોડ લાઈન્સ ધ્વારા ઉમરગામથી ખપોલી મોકલાવ્યાના બીલની નકલ. જી.સી. નં. ૦૦૧૮૩૮ | ૧૯/૪૩ |
| ૪૪ | પ્રથમ પક્ષકાર કંપનીએ ઉમરગામથી ખપોલી ફેકટરીએ લુઝ મટીરીયલ મોકલ્યા તેનું ડીલવરી ચલણ નં. ૭૮૪ ની નકલ. | ૧૯/૪૪ |
| ૪૫ | ઉપર અનુ.નં. ૪૪ ની વિગતનો માલ શિવશકિત રોડ લાઈન્સ મારફત ઉમરગામથી ખપોલી મોકલ્યાની ટ્રાન્સપોર્ટ બીલ નં. ૧૯૫૭ | ૧૯/૪૫ |
| ૪૬ | પ્રથમ પક્ષકાર કંપનીએ અન્ય મશીનરી અને માલ–સામાન તા. ૧૮–૯–૨૦૦૫ ના રોજ અને તા.૨૪–૦૯–૨૦૦૫ ના રોજ શિવશકિત રોડ લાઈન્સ મારફત જ ઉમરગામથી ખપોલી મોકલ્યાના ટ્રાન્સપોર્ટ જી.સી. નં. ૦૦૨૩૪ તા.૧૮–૯–૨૦૦૫ અનુક્રમે અને જી.સી. નં. ૦૦૨૦૮૭ તા.૨૪–૯–૨૦૦૫ના બીલોની નકલો. (નિ.૪૬ અને નિ.૪૬/૧) | ૧૯/૪૬ |
| ૪૭ | શિવશકિત રોડ લાઈન્સ ધ્વારા માલ–સામાન, મશીનરી ટ્રાન્સપોર્ટેશન ના ચાર્જીસ અંગે સદર ટ્રાન્સપોર્ટ કંપનીએ પ્રથમ પક્ષકાર કંપનીને આપેલ બીલોની નકલો બીલ્સ અનુક્રમે..<br>––બીલ નં. ૦૦૦૭૮૯, તા.૨૮–૬–૨૦૦૫<br>––બીલ નં. ૦૦૦૭૯૦, તા.૨૮–૬–૨૦૦૫<br>––બીલ નં. ૦૦૦૧૮૧૮, તા.૨૨–૯–૨૦૦૫<br>––બીલ નં. ૦૦૦૧૫૫૬, તા.૨૯–૯–૨૦૦૫<br>––બીલ નં. ૦૦૦૧૫૫૫, તા.૨૯–૯–૨૦૦૫<br>નિ.૪૭/૧નિ. ૪૭/૨, નિ.૪૭/૩,નિ.૪૭/૪, નિ.૪૭/૫ | ૧૯/૪૭ |
| ૪૮ | પ્રથમ પક્ષકાર કંપનીએ આસીસ્ટન્ટ પ્રોવિડન્ડ ફંડ કમીશ્નર, વાપીને પી.એફ કોડ નં.જી.જે/૩૧૫૨૦ હેઠળ સને ૨૦૦૫–૨૦૦૬ ના એન્યુઅલ રીર્ટન્સ મોકલ્યાની કંપનીની ડીલીવર્ડ થયેલ ઓફીસ કોપી તેના ફોર્મ નં.૩–એ તથા ફોર્મ ૬–એ ની નકલો. સહીતની નકલો. (કુલ પેજીસ ૧ થી ૨૬) | ૧૯/૪૮ |

(૭) બીજા પક્ષકાર કામદાર તર્ફે યુનિયન પ્રતિશ્રી આર.એમ.પ્રજાપતિનું અધિકારપત્ર આંક–૪ થી રજુ થયેલ છે. પ્રથમ પક્ષકાર સંસ્થા તર્ફે વિધ્વાન વકીલશ્રી એ.પી.શાહનું વકીલપત્ર આંક–૭ થી રજુ થયેલ છે. ત્યારબાદ સદર કામે બીજા પક્ષકાર દવારા આંક–૧૨ થી પુરાવા સોગદનામું રજુ કરેલ છે. સદર સોગંદનામાની પ્રથમ પક્ષકાર ધ્વારા ઉલટ તપાસ નોંધવામાં આવેલ છે. પ્રથમ પક્ષકાર તરફે આંક–૨૧ થી પુરાવા સોગંદનામું રજુ કરેલ છે. તેની બીજા પક્ષકારના પ્રતિશ્રી તરફથી ઉલટ તપાસ નોંધવામાં આવેલ છે. બીજા પક્ષકાર તર્ફે આંક–૧૬ થી પુરાવા બંધની પુરસીસ રજુ થયેલ છે. ત્યારબાદ આંક–૨૨ થી પ્રથમ પક્ષકાર તરફે કલોઝીંગ પુરશીસ રજુ થયેલ છે. બીજા પક્ષકાર તર્ફે આંક–૨૩ થી રેફરન્સ(એલ.સી.વી.) નં.૪૮/૨૦૦૬ માં રજુ લેખિત

દલીલ સદર કામે ધ્યાને લેવાની પુરશીસ રજુ કરેલ છે. પ્રથમ પક્ષકાર તર્ફે વિ.વ.શ્રી. એ.પી.શાહની મૌખિક દલીલ સાંભળવામાં આવેલ છે. ત્યારબાદ આ કામ હુકમ ઉપર રાખવામાં આવેલ છે.

(૮) આ કામના બીજા પક્ષકારના યુનિયન પ્રતિનિધિશ્રી આર.એમ.પ્રજાપતિપ તેઓની **આંક–૨૩** ની પુરશીસ અન્વયે રેફરન્સ(એલ.સી.વી.) નં.૪૮/૨૦૦૬ માં લેખિત દલીલ રજુ કરેલ છે તે વંચાણે લીધેલ છે. જેના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ રજુ કરેલ છે.

| | | |
|---|---|---|
| 1. | 1960 AIR 650, 1960 SCR (2) 918, | Supreme Court of India |
| 2. | FLR (51) 308 | Gujarat High Court. |
| 3. | 1997 LIC | Page No.2040, Panjab & Hariyana High Court |
| 4. | 1985 LAB I.C. 887 | Supreme Court of India |

(૯) આ કામના પ્રથમ પક્ષકાર સંસ્થાના વિ.વકીલશ્રી એ.પી.શાહ તેમની મૌખિક દલીલમાં જણાવે છે કે, માંગણા નિવેદન રજુ થયેલું છે અને તેના પેરા–૨ તરફે કોઈ તકરાર નથી. ટ્રાન્સફર કરેલ હુકમ કરેલ છે તે હકીકત ખોટી છે. અને કંપની તરફથી જે જવાબ રજુ થયેલો છે તે પ્રમાણે તા.૧૩/૦૭/૨૦૦૫ ના રોજ નોટીસથી ટ્રાન્સફર ખંગેની સંપુર્ણ જાણકારી આપેલ હોવા છતાં અને બીજા પક્ષકારે ટ્રાન્સફર કરેલ તેમની જગ્યાએ એટલે કે મહારાષ્ટ્રમાં આવેલ ખરસુડીની સંસ્થાની નવી ફેકટરીમાં તેઓની ફરજ બજાવવા માટે તેઓ હાજર થયેલ નથી. જેથી બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર કંપનીમાં આગળ કામ કરવાનું રસ નથી અને બીજા પક્ષકારે કંપનીમાંથી રાજીનામું આપવાનું તેમ ગણાવનું છે તેવી જાહેરાત થયેલ. અને તે રીતે બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થાનું ટ્રાન્સફર ઉપરનું પાલન ન કરીને પ્રથમ પક્ષકારની નોકરી જાતે અને સ્વેચ્છાએ તજી દીધેલ હોવાથી બીજા પક્ષકારના બધા લીગલ હકકો ચુકવવા તૈયારી બતાવેલી. પ્રથમ પક્ષકાર કંપનીએ કોઈ કલોઝર કરેલ નથી. ધંધો બંધ કરેલ નથી. ધંધાના આર્થિક કારણસર ઉમરગામ ખાતે થી બંધ કરી ખરસુડી ખાતે ઉત્પાદનની કામગીરી ચાલુ કરેલી છે. બીજા પક્ષકારને ૧૫ દિવસનો સમય પણ આપેલ હતો. તેમજ આર.પી.એ.ડી. થી નોટીસ પણ બજાવેલ હતી. યુનિયન એકટીવીટીઝના કારણે વિકટીમાઈઝ કરેલ તે બાબતે કોઈ પુરાવા રજુ કરેલ નથી. કલમ–૨૫ મુજબનો કેસ પણ કરેલ નથી. કલમ–૨(કે) મુજબ કોઈ તકરાર ઉભી થયેલી નથી. માંગણા નિવેદન અને તકરાર ખુબ જ વિરોધાભાસ છે. મૌખિક હુકમથી છુટા કરેલા હોય તેવું કોઈ માંગણા નિવેદનમાં જણાવેલ નથી. બેકાર છે તેવું પણ કઈ જણાવેલ નથી. સને–૨૦૦૪ થી માંગણી કરેલ છે તે માટે કોઈ જગ્યાએ કેસ કરેલ નથી. આંક–૨૧ થી સંસ્થાના સાહેદે પોતાનો પુરાવો રજુ કરેલ છે. સામુહીક ઝઘડા બાબતે કોઈ રેફરન્સ થયેલ નથી. અને વ્યકિતગત ફરીયાદ કરેલ છે. અને રેફરન્સમાં

ટ્રાન્સફર ગેરકાયદેસર છે તેવું જણાવેલ છે. બીજા પક્ષકાર તરફે રજુ થયેલ દલીલ અને જજમેન્ટો લાગુ પડતા નથી. જેથી બીજા પક્ષકારનો રેફરન્સ રદ કરવા અરજ કરેલી છે. જેના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ રજુ કરેલ છે.

| | | |
|---|---|---|
| 1. | 2008 LAW SUIT (Cal)419 | High Court of Calcutta (D.B.) |
| 2. | 2006 LAW SUIT (Cal) 53 | High Court of Calcutta |
| 3. | 2006 LAW SUIT (Bom) 1710 | High Court of Bombay (D.B.) |
| 4. | 2008 LAW SUIT (Ker) 73 | High Court of Kerala. |

(૧૦) આ કામે કેસનું રેકર્ડ ધ્યાને લેતાં આ કેસનાં ન્યાય નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-: મુદ્દાઓ :-**

**મુદ્દા નં.૧.** શું બીજા પક્ષકાર સાબીત કરે છે કે, તેઓને છુટા કરવાનું પ્રથમ પક્ષકારનું પગલું ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને વિકટીમાઈઝેશનના સ્વરૂપનું ?

**મુદ્દા નં.૨** શું બીજા પક્ષકારને નોકરીની મુળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત સળંગ નોકરીથી પુન:સ્થાપિત કરવા હુકમ કરવો જોઈએ ?

**મુદ્દા નં.૩.** શું હુકમ ?

(૧૧) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા તારણો નીચે મુજબ છે.

મુદ્દા નં. ૧ :- હકારમાં

મુદ્દા નં. ૨ :- પુન:સ્થાપિત પુરતો નકારમાં

મુદ્દા નં. ૩ :- આખરી હુકમ મુજબ.

**-: કારણો :-**

**(૧૨) મુદ્દા નં. ૧ થી ૨ :-**

(૧૨.૧) આ કામે બીજા પક્ષકારની રજુઆત એવી છે કે, બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં **તા.૧૯/૧૨/૯૯ થી હેલ્પર** ના હોદ્દા ઉપર દૈનિક પગાર **તા.૨૯/૦૭/૦૫ ના રોજ રૂ.૯૦/-** પગારથી નોકરી કરતા આવેલ હતા. પ્રથમ પક્ષકાર સંસ્થા ઉમરગામ, જી. વલસાડ ખાતે આવેલ એક સારી અને સધ્ધર સંસ્થા છે. સદરહુ સંસ્થામાં આશરે ૫૦ જેટલા કાયમી કામદારો વર્ષોથી ફરજ બજાવતા આવેલ છે. સદર સંસ્થાના સંચાલકોએ બીજા પક્ષકાર કામદારને નફાના પ્રમાણમાં નજીવો પગાર ચુકવતા હતા,

જે પગાર લઘુત્તમ વેતનના કાયદા મુજબ પણ ન હતો. બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર સંસ્થા લઘુત્તમ વેતન મુજબ પગાર આપતા ન હતા. તેમજ કાયદા મુજર અન્ય લાભો પણ ચુકવતા ન હતા. જેનો બીજા પક્ષકાર કામદારે તથા સાથી કામદારો પ્રથમ પક્ષકાર સંસ્થા પાસે મૌખીક રીતે વારંવાર માંગણી કરતા હતા. તેમ છતાં પ્રથમ પક્ષકારનાઓએ બીજા પક્ષકાર કામદાર તથા સાથી કામદારોને તેમના કાનુની હકકો આપતા ન હતા. જેથી બીજા પક્ષકાર કામદાર તથા સાથી કામદારોએ મજુર સંગઠન ઉભું કરી ''ગુજરાત રાજય કામદાર સેના''માં જોડાઈ તેના સભાસદો થયેલ, જે અંગેની જાણ બીજા પક્ષકાર કામદારના યુનીયને પ્રથમ પક્ષકારને લેખિતમાં કરેલ જે પત્ર પ્રથમ પક્ષકારને મળતાં જ તેઓ એકાએક બીજા પક્ષકાર કામદાર તથા સાથી કામદારોને હેરાન પરેશાન કરવાની અને કિન્નાખોરી રાખવાની પ્રવૃત્તિ ચાલુ કરેલ જેમાં તેઓને તેમના મજુર સંગઠન તોડવામાં સફળતા ન મળતાં તેઓ બીજા પક્ષકારને તથા સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને યુનીયનમાંથી રાજીનામું આપવા દબાણ કરતા હતા. જે બાબતે કામદારોએ રાજીનામુ આપવાની ના પાડેલ. આથી પ્રથમ પક્ષકાર બીજા પક્ષકાર સામે રોષે ભરાયેલ અને તેઓની સાથે બીજા અન્ય કામદારોને ગેરકાયદેસર રીતે ટ્રાન્સફરની નોટીશ આપેલી. જે પ્રથમ પક્ષકારનું કૃત્ય અન્યાયી, મજુર કાયદા વિરુઘ્ધ, ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને કુદરતી ન્યાયનાં સિઘ્ધાંત વિરુઘ્ધનું છે. પ્રથમ પક્ષકાર તરફથી તા. ૧૩-૦૭-૨૦૦૫ ની એક નોટીશ ઘ્વારા કેટલાક ઉપજાવી કાઢેલા કારણો જણાવીને તેમની ઉમરગામ ફેકટરી કે જે ગુજરાત રાજયમાં આવેલી છે. તેમાંથી ખરસુડીની ફેકટરી કે જે મહારાષ્ટ્ર રાજયમાં આવેલી છે તે ફેકટરીમાં ટ્રાન્સફર કરવાનો હુકમ કર્યો છે. અને તે માટે સગવડતા ખાતર ૧૫ દિવસનો સમય આપી જુલાઈની ૨૯ મી તારીખ સુધીમાં સદરહુ ખરસુડીની ફેકટરીમાં હાજર થવાનું જણાવ્યું છે અને સાથો સાથ સદરહ નોટીશમાં એમ પણ જણાવ્યું છે કે જો બીજા પક્ષકાર તા.૨૯-૦૭-૨૦૦૫ સુધીમાં ઉપરોકત ખરસુડીની ફેકટરીમાં હાજર નહી થાઓ તો એમ સમજવામાં આવશે કે બીજા પક્ષકારને કંપનીમાં આગળ કામ કરવામાં રસ નથી અને બીજા પક્ષકાર કંપનીમાંથી રાજીનામુ આપી રહયા છે. તેમજ તેમ ગણીને કાયદાને અનુરુપ જે હિસાબ નિકળશે તે તેમને ચુકવી દેવામાં આવશે.

(૧૨.૨) પ્રથમ પક્ષકારનો બચાવ એવો છે કે, બીજા પક્ષકારને આ રેફરન્સ કોઈ પણ જાતનાં કોઝ ઓફ એકશન વગર થયો છે. તેથી પણ તે ગેરકાયદેસરનો હોય, રદ થવાને પાત્ર છે. રેફરન્સના બીજા પક્ષકારને આ પ્રકારની તકરાર પ્રથમ પક્ષકાર વિરુઘ્ધ ઉપસ્થિત કરવાનાં કાયદેસરના કોઈ હકક-અધિકાર નથી તેમજ, બીજા પક્ષકાર સમક્ષ આ પ્રકારની તકરાર ઉપસ્થિત કરવા, કરાવવાનાં કાયદેસરનાં કોઈ કારણો કયારેય ઉપસ્થિત થયા હોવાના કોઈજ પ્રશ્નો જ નથી. તેમજ તેવા પ્રશ્નો તેઓ સમક્ષ ઉપસ્થિત થયા હોવાના પણ કાયદાકીય કોઈ પ્રશ્નો જ નથી. જે કારણોસર પણ સદરહુ રેફરન્સ મૂળથી જ ગેરકાયદેસરનો હોય રદ થવાને પાત્ર છે. સદરહુ રેફરન્સનાં મૂળમાં સમાધાન કાર્યવાહી દરમ્યાન બીજા પક્ષકારની વિગતો અને ખરી

હકીકતો તથા તમામ રજુઆતો અને પ્રપોઝલ્સ તથા સમાધાન ફોર્મેચુલા અને તે ઉપરાંત તે સમયે પણ બીજા પક્ષકારને કંપનીના ઉત્પાદન કાર્ય જયાં ચાલે છે ત્યાં એટલે કે, ખપોલી ગામ પાસે ખરસુડી ફેકટરીમાં નોકરી કરવી હોય તો હાજર થઈ જાય તેવી ફોર્મેચુલા અને રજુઆત કરેલ તેને ઘ્યાનમાં લીધા વગરજ તેમજ પ્રથમ પક્ષકારને સાંભળવાની યોગ્ય તક આપ્યા વગર તેમજ જરુરી કાયદાકીય તપાસ કર્યા વગર જ બીજા પક્ષકારની પૂર્વગ્રહપૂર્વકની તેમજ ગેરમાર્ગે દોરનારી તથા ગેરકાયદેસરની વિગતો માન્ય રાખી સમાધાન અધિકારીશ્રીએ સદરહ રેફરન્સ એક તરફી ગેરકાયદેસનો તેમજ અન્યાયી અને કુદરતી ન્યાયનાં સિઘ્ધાંત વિરુઘ્ધનો તેમજ બીજા પક્ષકાર અને તેમનાં જેવાજ પ્રથમ પક્ષકારનાં આશરે ચાળીસ જેટલા અન્ય કામદારોની રજુઆત જે પ્રથમ પક્ષકાર વિરુઘ્ધ એક સરખીજ રહેલ તે ઘ્યાનમાં લેતાં અને ઔદ્યોગીક વિવાદ ધારો–૧૯૪૭ ની જોગવાઈઓ ઘ્યાનમાં લેતાં તેમજ સમાધાન અધિકારીશ્રીએ તેમને મળેલ સત્તા મુજબ યોગ્ય અને કાયદેસરનાં અર્થઘટન કરી મજકુર કામદારોની પ્રથમ પક્ષકાર વિરુઘ્ધની એક સરખી અને એકજ જાતનાં કોઝ ઓફ એકશનવાળી અને સામાન્ય બાબતને સંયુકત રીતે મુલવી મજકુર કામદારોનાં પ્રથમ પક્ષકાર વિરુઘ્ધનાં કહેવાતા ટર્મીનેશન અંગેનાં મુળ કોઝ ઓફ એકશન માટે તે મુદ્દાથી અને તે મુદ્દાની બાબતને તકરાર ગણી જે તે કોમ્પીટન્ટ કોર્ટને અગર નામદાર કોર્ટ સમક્ષ ન્યાય–નિર્ણય માટે તેવા અલગ એક માત્ર અને જોઈન્ટ કાયદાકીય મુદ્દાથી સૌપ્રથમ રેફરન્સ કરવો જોઈતો હતો. અને ત્યાર બાદ જ બીજા પક્ષકારે જણાવેલ છે તેમ તેનું ટર્મીનેશન થયું હોય તો તેવા મુદ્દાને તકરારી મુદ્દા તરીકે એટલે કે પુન:સ્થાપિત વિગેરેનાં મુદ્દાથી વ્યકિતગત રેફરન્સ કરવો જોઈતો હતો. પરંતુ તેમ ન કરી ગેરકાયદેસરનાં અને એક તરફી તેમજ કુદરતી ન્યાયનાં સિઘ્ધાંત વિરુઘ્ધનાં નિર્ણય લઈ વ્યકિતગત રેફરન્સ કરેલ છે. હાલનો રેફરન્સ અને તેની વિષય વસ્તુ એટલે કે તકરાર મૂળથી જ ગેરકાયદેસરનાં અને ગેરવ્યાજબી હોય રદ થવાને પાત્ર છે. પ્રથમ પક્ષકાર તરફથી તા.૧૩/૦૭/૨૦૦૫ ની નોટીસની વિગતોથી તેઓની સદર ટ્રાન્સફરની સંપુર્ણ જાણકારી આપેલ હોવા છતાં સદર નોટીસમાં જણાવ્યા મુજબ જણાવેલ સમય મર્યાદામાં પ્રથમ પક્ષકારને એમ્પલોયર તરીકે તેમને મળેલ કાયદાકીય તથા પ્રસ્થાપિત હકક અનુસાર આપેલ હુકમ અને સુચના મુજબ બીજા પક્ષકારે ટ્રાન્સફર કરેલ તેમની જગ્યાએ એટલે કે, મહારાષ્ટ્રમાં ખપોલી પાસે આવેલ ખરસુડીની સંસ્થાની નવી ફેકટરીમાં તેઓની ફરજ બજાવવા માટે તેઓ હાજર થયેલ નહિ અને જણાવેલ સમય મર્યાદામાં બીજા પક્ષનાએ પ્રથમ પક્ષકારનાં સદર ટ્રાન્સફર હુકમનું પાલન કરેલ નહિ અને તેથી પ્રથમ પક્ષનાએ જાહરે કર્યા મુજબ બીજા પક્ષનાને પ્રથમ પક્ષકાર કંપનીમાં આગળ કામ કરવામાં રસ નથી અને બીજા પક્ષકાર કંપનીમાંથી રાજીનામું આપી અને છુટા થઈ રહયા છે તેમ ગણવાનું છે તેવી જાહેરાત થયેલ અને તે રીતે બીજા પક્ષકારે પ્રથમ પક્ષકારના આ ટ્રાન્સફર હુકમનું પાલન ન કરી પ્રથમ પક્ષકારને ત્યાંની નોકરી જાતે અને સ્વેચ્છાએ ત્યજી દઈ બીજા પક્ષકારે જાતે જ પ્રથમ પક્ષકાર સાથેનાં તેમના કામદાર – માલીકના સંબંધનાં આ રીતે અંત લાવેલ અને તેથી બીજા પક્ષકારે પ્રથમ પક્ષકારની તૈયારી

અને જાહેરાત અને રજુઆત મુજબ બીજા પક્ષકારના બધા લીગલ ડયુઝ ચુકવવા તૈયારી બતાવેલ પરંતુ બીજા પક્ષકારે તે પણ અને પ્રથમ પક્ષકાર વિરૂધ્ધ ખોટી અને ગેરકાયદેસરની વિગતો અને તકરારો ઉપસ્થિત કરી અને મદદનીશ મજુર કમિશ્નરશ્રી, વલસાડ સમક્ષ સામાવાળાના વિરૂધ્ધ ખોટી અને ગેરકાયદેસરની કાર્યવાહીઓ શરૂ કરેલ કરાવેલ જેમાં સામાવાળા તરફે યોગ્ય અને કાયદેસરની તમામ રજુઆતો કરવામાં આવેલ અને સદરહું બાબતો હોવા છતાં પ્રથમ પક્ષકારને બીજા પક્ષકાર તથા તેમના સાથી કામદારો કે જેઓએ તેમની રીતે જ પ્રથમ પક્ષકારના આ ટ્રાન્સફર હુકમનું પાલન ન કરેલ તેઓને નોકરી માટે ખરસુડી ફેકટરીમાં હાજર થઈ જવા જણાવેલ તેમજ, તેમ હાજર ન થવું હોય તો કાયદાકીય રીતે ઉપર અગાઉ જણાવ્યું તે મુજબ પ્રથમ પક્ષકારએ કરેલ જાહેરાત મુજબ બીજા પક્ષકારની નોકરીનો અંત આવ્યો હોવા છતાં પ્રથમ પક્ષકારને ત્યાં નોકરી આપવા જણાવેલ આવી વિગત હોવા છતાં જો નોકરીમાં હાજર નહિ થવું હોય તો બીજા પક્ષકારને તેમના લીગલ ડયુઝ સેટલ કરી નાણાં લઈ જવા જણાવેલ પરંતુ બીજા પક્ષકાર તરફે સમાધાન અધિકારીશ્રી, સમક્ષ પણ ખોટી અને ગેરકાયદેસરની તથા ગેરમાર્ગે દોરનારી રજુઆતો થયેલ છે જેથી સદર રેફરન્સ જ ખર્ચ સહિત રદ થવાને પાત્ર છે.

(૧૨.૩) પક્ષકારોની ઉપરોકત રજુઆતને ધ્યાને રાખી રેકર્ડ જોતાં આ કામે બીજા પક્ષકાર જેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં **તા.૧૯/૧૨/૯૯ ના રોજથી હેલ્પર** તરીકે નોકરી કરતા હતા તેઓનો દૈનિક પગાર **તા.૨૯/૦૫/૦૭ ના રોજ રૂા.૯૦/–** હતો. વધુમાં તેઓના જણાવ્યા મુજબ તેમની સંસ્થામાં ૫૦ થી વધુ કામદારો વર્ષોથી ફરજ બજાવતા આવેલા. નફાના પ્રમાણમાં ન જીવો પગાર ચુકવતાં જેથી કાયદા મુજબ અન્ય લાભો પણ ચુકવતા ન હોય બીજા પક્ષકાર કામદાર અને સાથી કામદારોએ સંસ્થા પાસેથી મૌખિક રીતે વારંવાર માંગણીઓ કરેલી. જેથી બીજા પક્ષકાર અને સાથી કામદારોએ મજુર સંગઠન ઉભુ કરી ગુજરાત રાજય કામદાર સેના માં જોડાઈ તેઓના સભાસદો થયેલા જે અંગેની જાણ બીજા પક્ષકારના યુનિયને પ્રથમ પક્ષકારને લેખિતમાં કરેલી. જે પત્ર પ્રથમ પક્ષકારને મળતા તેઓએ એકાએક બીજા પક્ષકાર કામદાર તથા સાથી કામદારોને હેરાન પરેશાન કરવાની તથા કિન્નાખોરી રાખવાની પ્રવૃતિ ચાલુ કરેલ. જેમાં તેઓને મજુર સંગઠન તોડવામાં સફળતા ન મળતા તેઓએ કામદાર તથા સંસ્થાના કામ કરતા તમામ કામદારને યુનિયનમાંથી રાજીનામું આપવા દબાણ કરતા હતા. અને રાજીનામું આપવાની ના પાડતા પ્રથમ પક્ષકારે બીજા પક્ષકાર તથા અન્ય કામદારોને ટ્રાન્સફરની નોટીસ આપેલી. જે બાબતે તેઓએ બીજા પક્ષકારે **આંક–૧૨ થી** તેમની જુબાનીમાં આ હકીકતો જણાવેલી છે. જે બાબતે **આંક–૧૦** થી બીજા પક્ષકારના યુનિયને પ્રથમ પક્ષકારને **નિ.૧૦/૨ થી તા.૧૮/૦૫/૦૪** ના રોજ તથા **તા.૨૯/૦૬/૦૪ ના રોજ નિ.૧૦/૨** થી તથા **નિ.૧૦/૨ અને નિ.૧૦/૨** થી ગુજરાત રાજય કામદાર સેના યુનિયને પ્રથમ પક્ષકાર સંસ્થાને લખેલા પત્રો ધ્યાને લેવા જરૂરી છે. વધુમાં આ કામે પ્રથમ પક્ષકાર કંપનીએ **નિ.૧૧/૧ થી** બીજા પક્ષકારને

**તા.૧૩/૦૭/૦૫** ની નોટીસ મોકલાવેલી છે અને તેમાં ઉમરગામની ફેકટરીનો માલ ઉત્પાદન કરવું નફાકારક રહયુ નથી. અને તેથી આર્થિક કારણોથી કંપની મેનેજમેન્ટે ઉમરગામની બધી ઉત્પાદનની પ્રવૃતિ બંધ કરી મહારાષ્ટ્ર ખાતે ખરસુડીમાં ઉત્પાદન પ્રવૃતિ ચાલુ કરવી અને ખરસુડીની ફેકટરીમાં ટ્રાન્સફર થવા ૧૫ દિવસનો સમય આપવામાં આવેલ છે. નવી ફેકટરીમાં પહેલીવાર પહોંચવા તમને રૂા.૧૦૦૦/- ગાડી ભાડા અને પરચુરણ ખર્ચ માટે આપશે આ નોટીસ કામદારને તથા અન્ય કામદારોને આપેલી છે.

(૧૨.૪) સદર કામે રેકર્ડ જોતાં બીજા પક્ષકારને કોઈ નિમણુંક પત્ર આપેલ હોય તેવો કોઈ નિમણુંક પત્ર આ કામે રજુ કરેલો નથી કે બીજા પક્ષકારને એક રાજયમાંથી બીજા રાજયમા બદલી કરે શકે તેવી કોઈ શરત મુકવામાં આવેલ હોય તેમ દર્શાવતો કોઈ નિમણુંક પત્ર કે અન્ય કોઈ આધાર પુરાવો રજુ કરેલો નથી. પ્રથમ પક્ષકાર સંસ્થા ખાનગી કંપની છે. ખાનગી કંપનીના કામદારો સાથે કરવામાં આવેલા નોકરીના કરારમાં સ્પષ્ટ રીતે તેમની બદલી અન્ય જગ્યાએ કરી શકે તેવું જણાવવામાં આવેલું ન હોય તો અન્ય જગ્યાએ કામદારની કરવામાં આવતી બદલીએ નોકરીની શરતનો અન્ય ભાગ બનતી ન હોય, ત્યારે માલીકનું એવું પગલું ગેરકાયદેસર ઠરે આ કેસમાં બીજા પક્ષકારની બદલી ગુજરાત ખાતેથી અન્ય રાજય મહારાષ્ટ્ર ખાતે કરી શકશે તેવું દર્શાવતો નોકરીનો કરાર પ્રથમ પક્ષકારે રજુ કરેલો નથી.

(૧૨.૫.) પ્રથમ પક્ષકારે તેઓની કંપની અને તેમા કામ કરતા કામદારો વચ્ચે થયેલા નોકરીના કરાર કરે નોકરીમાં લાગુ પડતા સ્ટેન્ડીંગ ઓર્ડર કે કંપનીના નિયમો રજુ કરી બીજા પક્ષકારને એક રાજયમાંથી બીજા રાજયમાં ટ્રાન્સફર કરવામાં આવેલી હતી તેવું આ કામે દર્શાવેલું ન હોય, બીજા પક્ષકારને મહારાષ્ટ્ર ખાતે ટ્રાન્સફર કરવાનું પગલું નોકરીની શરતોનો ભંગ કરી લેવામાં આવેલું હોય અને અન્ય રાજયમાં બદલી કરવા તેઓ હકકદાર ન હોવા છતાં બદલી કરેલ હોય જે ગેરકાયદેસર અને ગેરવ્યાજબી બને છે.

(૧૨.૬) આ કામે બીજા પક્ષકારની નોટીસ જોવામાં આવે તો જે નોટીસ **તા.૧૩/૦૫/૦૭ થી ન.૧૧/૧ થી** રજુ છે જેમાં પગાર વધારા બાબતે કોઈ હકીકત જણાવેલી નથી અને નવી ફેકટરીમાં પહેલીવાર પહોંચવા રૂા.૧૦૦૦/- ગાડી ભાડા અને પરચુરણ ખર્ચ આપવામાં આવશે તેવું તેમાં જણાવેલ છે. આ કામે બીજા પક્ષકારનો પુરાવો રજુ થયેલો છે જેમાં કામદારોને તેમના પગાર ધોરણમાં કોઈ વધારો કરવામાં આવેલ છે કે કેમ? તે બાબતે કોઈ મૌખિક પુરાવો કે લેખિત પુરાવો આ કામે રજુ કરેલો નથી. આ કામે પ્રથમ પક્ષકારના સાહેદ **આંક-૨૧** થી પ્રણવ સુરેશભાઈ જસાણીએ તેઓનું પુરાવાનું સોગંદનામું રજુ થયેલું છે. અને તેમાં પ્રથમ પક્ષકારની કંપની ઉમરગામથી આશરે ૨૨૦ કિ.મી. દુર મ્હાવા શેવા બંદર મહારાષ્ટ્ર માલ એક્ષપોર્ટ માટે લઈ જવામાં આવે છે અને કાચોમાલ મુંબઈથી લાવવામાં આવે છે તેવી જુબાની આપેલ છે. જેમાં તેઓએ પ્રથમ પક્ષકાર કંપનીને નફાકારક રહેલ નથી તેવી હકીકતો જણાવીને કંપનીને મહારાષ્ટ્રમાં ખરસુડી મુકામે ફેકટરી તબદીલ કરેલ છે. એટલે કે, આ કામના બીજા પક્ષકારને આશરે ૨૦૦ કિ.મી. દુર ટ્રાન્સફર કરવા

છતા પગાર ધોરણમા કોઈ વધારો પ્રથમ પક્ષકારે આપેલ નથી. બીજા પક્ષકાર ઓછો પગાર ધરાવતા કામદાર છે તેઓને આ રીતે દુર ટ્રાન્સફર કરવાનું પગલું સ્વયં બીજા પક્ષકાર પોતાની નોકરી છોડી ચાલ્યા જાય તે પ્રકારનું છે.

(૧૨.૬.) આ કામે રેકર્ડ જોવામાં આવે તો, પ્રથમ પક્ષકારે પોતાની સંસ્થા મહારાષ્ટ્રના ખરસુડી મુકામે લઈ ગયેલ છે. એ હકીકત નિર્વિવાદ છે કે, ગુજરાત રાજયની રહેણી–કહેણી મહારાષ્ટ્ર કરતા અલગ છે. જેથી તેની ન્યાયિક નોંધ લેવી પણ આ તબકકે જરૂરી છે. વધુમાં બીજા પક્ષકારની દલીલ છે કે, રોટલો જયાં મળે પણ ઓટલો ન મળે ને કહેવત સાથે પણ આ કોર્ટ સંમત છે. જયારે બીજા પક્ષકારને પગારમાં કોઈ વધારો આપેલ નથી. જેથી બીજા પક્ષકાર તેઓના પગારમાંથી કોઈ બચત કરી શકે નહી અને ત્યા રહેવું તેઓને પરવડે તેમ નથી આ હકીકત રેકર્ડ ઉપર છે. આમ, આ બદલીથી મહારાષ્ટ્ર મોકલવાનો નિર્ણય જાતે કામે આવતા બંધ થઈ જાય અને રાજીનામું મુકી દે તેવા એક હેતુંથી બદઈરાદા પુર્વક કરવામાં આવેલ હતો તેવું સ્પષ્ટ થાય છે. જેથી બીજા પક્ષકાર કામદાર જાતે આ નોકરી છોડી દે અથવા રાજીનામું મુકે દે તેવા એક માત્ર હેતુંથી બદઈરાદા પુર્વક કરવામાં આવેલ હોવાનું તેવું સ્પષ્ટ થાય છે. જેથી આ નિર્ણય ઈરાદાથી પ્રથમ પક્ષકારે નવી બનાવેલી સંસ્થામાં મોકલવાનો નિર્ણય લીધેલો તેવું ન માનવાને માટે કોઈ કારણ રહેતું નથી.

(૧૨.૭) પ્રથમ પક્ષકારનું આ પગલું ગેરવ્યાજબી અને મજુર પ્રથાના સ્વરૂપનું હોય તે રદ બાતલ બને છે. અને ટ્રાન્સફરનો હુકમ રદ બાતલ બનતો હોય તેનુ પાલન ન કરી મહારાષ્ટ્ર ખાતે હાજર ન થવાનું બીજા પક્ષકારનું કૃત્ય ગેરવર્તણુંક બનતી નથી. આ કામે પ્રથમ પક્ષકારે નોટીસથી એવું જણાવેલું છે કે, ૧૫ દિવસમાં હાજર થવાનું છે અને ફરજ ઉપર હાજર નહી થાઓ તો એમ સમવામાં આવશે કે તમોને કંપનીમાં આગળ કામ કરવામાં રસ નથી. અને તમો કંપનીમાંથી રાજીનામું આપી રહયા છો તેમજ કાયદાના અનુરૂપ જે હિસાબ નિકળશે તે તમોને ચુકવી આપવામાં આવશે. જેથી બીજા પક્ષકાર બદલીની જગ્યાએ હાજર ન થયેલા અને તેમ ગણી પ્રથમ પક્ષકારે છુટા કરવાનુ પગલું તકી શકતું નથી.

(૧૨.૮) બીજા પક્ષકારની બદલી કરવાનું પ્રથમ પક્ષકારનું પગલુ ઔધોગિક વિવાદ ધારાના ૫ માં શીડયુલમાં જણાવેલ માલીક ધ્વારા આચરવામાં આવતી અયોગ્ય મજુર પ્રથાના અનુ નં.૭ માં પડતું હોય આ પ્રકારનું પગલું અનફેર લેબર પ્રેકટીસ બને છે. અનં. નં.૭ નીચે મુજબ છે.

**૭ '' વહીવટી નિતી અનુસરવાનો ડોળ કરીને કામદારની એક જગ્યાએથી બીજી જગ્યાએ બદદાનત થી બદલી કરવી.''**

**આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ મુદા નં.૧ જવાબ હકારમાં આવે છે.**

(૧૨.૯) આ કામે બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે વિકટીમાઈઝ કરી ગેરકાયદેસર અને ગેરવ્યાજબી રીતે છુટા કરેલા હોય તેઓ સામાન્ય રીતે નોકરીની મુળ જગ્યાએ પડેલા દિવસોનો પગાર સહિત સળંગ

નોકરીથી પુનઃસ્થાપિત થવા બને છે પરંતુ આ કામે રેકર્ડ જોતાં બીજા પક્ષકા અને પ્રથમ પક્ષકાર વચ્ચેના સંબંધો તંગ છે. બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે અન્ય રાજયમાં ટ્રાન્સફર કરવા નોટીસ આપેલ હતી પરંતુ બીજા પક્ષકરે ત્યાં જવું, પગાર તેમજ અન્ય બાબતે પરવડે તેમ ન હોય જેથી બીજા પક્ષકારને પુનઃસ્થાપિત કરવાનો હુકમ કરવામાં આવે તો ફરીથી નવા કેસો પક્ષકારો વચ્ચે ઉદ્દભવે તેમ છે. બીજા પક્ષકારે તેમની ઉલટ તપાસમાં ઘર ખર્ચ માટે મહિને પાંચ થી સાત હજારની જરૂર પડે છે. તેમજ બીજા પક્ષકાર બીજી જગ્યાએ નોકરી કરીને આવક મેળવતા હોય તેવો કોઈ પુરાવો આ કામે રજુ કરેલ નથી. બીજા પક્ષકારની નોકરીનો સમયગાળો જોતાં જેથી બીજા પક્ષકારને પડેલા દિવસોનો પગાર અને આનુસાંગિક લાભોથી સળંગ નોકરીથી પુનઃસ્થાપન કરવાને બદલે ઉચ્ચક વળતર ચુકવી આપવાનો હુકમ પક્ષકારો વચ્ચેના સંબંધોને અને રેકર્ડને ધ્યાને રાખતા કરવો હિતાવહ જણાઈ છે. જેથી મુદ્દા નં.ર નો જવાબ પુનઃસ્થાપિત કરવા પુરતો નકારમાં આપવામાં આવે છે. આમ, બીજા પક્ષકારને તેમના પડેલા દિવસોનો પગાર અને પુનઃસ્થાપિતના દાદ પેટે ઉચ્ચક વળતર **રૂા.૨,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા બે લાખ પુરા)** ચુકવી આપવાનો પ્રથમ પક્ષકાર વિરૂધ્ધ હુકમ કરવામાં આવે તો તે ન્યાયી અને વ્યાજબી જણાશે. આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ મુદ્દા નં.૩ બાબતે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

(૧૩) જેથી કેસનું રેકર્ડ તથા કાયદાની પરીસ્થિત લક્ષમાં લઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-: હુ ક મ :-**

૧: આ કામના બીજા પક્ષકાર કામદારને તા.૧૩/૦૭/૨૦૦૫ ના નોટીસથી અન્ય રાજયમાં બદલીના ઓઠા હેઠળ કામ પરથી બંધ કરવાનું પ્રથમ પક્ષકારનું પગલું ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને અનફેર લેબર પ્રેકટીસના સ્વરૂપનુ હોવાનું ઠરાવવામાં આવે છે અને તે રદ કરવામાં આવે છે.

૨: આથી આ કામના પ્રથમ પક્ષકારને હુકમ કરવામાં આવે છે કે, આ એવોર્ડ પ્રસિધ્ધ થયાના દિન-૩૦ માં તેઓએ આ કામના બીજા પક્ષકારને તેમના પડેલા દિવસોના પગાર અને પુનસ્થાપિતની દાદ પેટે ઉચ્ચક વળતર **રૂા.૨,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા બે લાખ પુરા)** ચુકવી આપવા.

૩. આ રેફરન્સ ખર્ચ પેટે બીજા પક્ષકારને અલગથી રૂા.૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુર) ચુકવી આપવાનો હુકમ આથી પ્રથમ પક્ષકાર વિરૂધ્ધ કરવામાં આવે છે.

તારીખ : ૧૮/૧૦/૨૦૨૨.
સ્થળ : વલસાડ.

(કમલેશકુમાર દિનેશભાઈ વિડજા)
Code: GJ01461
પ્રિસાઈડીંગ ઓફીસર
મજુર અદાલત, વલસાડ.